રાજ્ય ટ્રાન્સજેન્ડર કલ્યાણ બોર્ડમાં ઉપાધ્યક્ષનો સમાવેશ કરવા બાબત

ગુજરાત સરકાર
ઠરાવ ક્રમાંક:- SJED/IWDMS1.0/e-file/17/2022/0044/CHH-1
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
સચિવાલય, ગાંધીનગર
તા. /૦૩/૨૦૨૩

**વંચાણે લીધા:-** (૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૫/૦૨/૨૦૧૯નો ઠરાવ ક્રમાંક:- અપગ/૧૦૨૦૧૮/૨૪૬૨૫૬/છ.૧

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય, ભારત સરકારના તા.૨૫/૦૯/૨૦૨૦ના અધિસૂચના ક્રમાંક:- G.S.R.592(E)

(૩) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૨/૦૭/૨૦૨૧નો ઠરાવ ક્રમાંક :- અપગ/૧૦/૨૦૨૦/૩૫૦૧૬૩/છ.૧

**આમુખ :-**

નામ. સુપ્રિમ કોર્ટના રીટ પીટીશન નં-૪૦૦/૨૦૧૨ના હુકમ અન્વયે સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલય, ભારત સરકાર દ્વારા ટ્રાન્સજેન્ડર વ્યક્તિઓ સંદર્ભે રચવામાં આવેલ તજજ્ઞ સમિતીના તા.૨૭/૦૧/૨૦૧૪ના અહેવાલને ધ્યાને લઇ ટ્રાન્સજેન્ડર વ્યક્તિઓના આરોગ્ય વિષયક, શિક્ષણ વિષયક, રોજગાર વિષયક, સુરક્ષા વિષયક વગેરે જેવી યોજનાઓના ઘડતર માટે તેમજ તેના સુચારુ સંચાલન માટે વંચાણે લીધેલ ક્રમાંક (૧)ના તા.૧૫/૦૨/૨૦૧૯ના ઠરાવથી માન. મંત્રીશ્રી(સા.ન્યા.)ની અધ્યક્ષતામાં રાજ્ય ટ્રાન્સજેન્ડર કલ્યાણ બોર્ડની રચના કરવામાં આવેલ છે. ભારત સરકાર દ્વારા વંચાણે લીધેલ ક્રમાંક (૨) પરના તા.૨૫/૦૯/૨૦૨૦ની અધિસૂચનાથી અમલી કરેલ ટ્રાન્સજેન્ડર વ્યક્તિઓ (અધિકારોનું રક્ષણ) નિયમો, ૨૦૨૦ના નિયમ નં.૧૦(૧) અંતર્ગત પણ ટ્રાન્સજેન્ડર વ્યક્તિઓના અધિકાર અને હિતના રક્ષણ તેમજ તેમને વિવિધ યોજનાકીય લાભો અપાવવા હેતુ ટ્રાન્સજેન્ડર કલ્યાણ બોર્ડની રચના કરવા સૂચવેલ છે. રાજ્ય ટ્રાન્સજેન્ડર કલ્યાણ બોર્ડમાં વંચાણે લીધેલ ક્રમાંક (૩)ના તા.૨૨/૦૭/૨૦૨૧ના ઠરાવથી ૬ (છ) બિન સરકારી સભ્યોની નિમણૂંક કરવામાં આવેલ છે. માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ના સૂચન અન્વયે રાજ્ય ટ્રાન્સજેન્ડર કલ્યાણ બોર્ડમાં ઉપાધ્યક્ષનો સમાવેશ કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ :-**

પુખ્ત વિચારણાને અંતે વંચાણે લીધેલ ક્રમાંક (૧) પરના વિભાગના તા.૧૫/૦૨/૨૦૧૯ના ઠરાવથી રચવામાં આવેલ રાજ્ય ટ્રાન્સજેન્ડર કલ્યાણ બોર્ડમાં ઉપાધ્યક્ષ તરીકે માન. રા.ક.મંત્રીશ્રી (સા.ન્યા.)નો સમાવેશ કરવામાં આવે છે તથા રાજ્ય ટ્રાન્સજેન્ડર કલ્યાણ બોર્ડનું માળખુ નીચે મુજબ નિયત કરવામાં આવે છે.

<u>ટ્રાન્સજેન્ડર વ્યક્તિઓ માટેના કલ્યાણ બોર્ડનું માળખું</u>

| ક્રમ | કલ્યાણ બોર્ડના સભ્યો | હોદ્દો |
|---|---|---|
| ૧ | માન. મંત્રીશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,ગુજરાત રાજ્ય | અધ્યક્ષશ્રી |
| ૨ | માન. રા.ક.મંત્રીશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,ગુજરાત રાજ્ય | ઉપાધ્યક્ષશ્રી |
| ૩ | અધિક મુખ્ય સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ | સભ્ય સચિવશ્રી |
| ૪ | અધિક મુખ્ય સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ | સભ્ય |
| ૫ | અધિક મુખ્ય સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/સચિવશ્રી, નાણા વિભાગ | સભ્ય |
| ૬ | અધિક મુખ્ય સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/સચિવશ્રી, ગૃહ વિભાગ | સભ્ય |
| ૭ | અધિક મુખ્ય સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/સચિવશ્રી, પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ | સભ્ય |
| ૮ | અધિક મુખ્ય સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/સચિવશ્રી, શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ | સભ્ય |
| ૯ | અધિક મુખ્ય સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/સચિવશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ | સભ્ય |
| ૧૦ | અધિક મુખ્ય સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/સચિવશ્રી, ઉચ્ચ શિક્ષણ વિભાગ | સભ્ય |
| ૧૧ | અધિક મુખ્ય સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/સચિવશ્રી, પ્રાથમિક શિક્ષણ વિભાગ | સભ્ય |

| | | |
|---|---|---|
| ૧૨ | અધિક મુખ્ય સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/સચિવશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ | સભ્ય |
| ૧૩ | અધિક મુખ્ય સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/સચિવશ્રી, કાયદા વિભાગ | સભ્ય |
| ૧૪ | અધિક મુખ્ય સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ | સભ્ય |
| ૧૫ | નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતું, ગાંધીનગર | સભ્ય |
| ૧૬ | નિયામકશ્રી, સરકારી મુદ્રણ અને લેખનસામગ્રી, ગાંધીનગર | સભ્ય |
| ૧૭ | નિયામકશ્રી, ગુજરાત સ્ટેટ મેન્ટલ હેલ્થ ઓથોરિટી, ગાંધીનગર | સભ્ય |
| ૧૮ | નિયામકશ્રી, ગુજરાત રાજય કાનૂની સેવા સત્તા મંડળ, ગાંધીનગર | સભ્ય |
| ૧૯ | (૧) ટ્રાન્સજેન્ડર મહિલા પ્રતિનિધિઓ (૨) ટ્રાન્સજેન્ડર પુરૂષ પ્રતિનિધિઓ (૩) ત્રીજા લિંગ/કિન્નર સમુદાયના ૦૨ પ્રતિનિધિઓ (૪) આ ક્ષેત્રમાં અનુભવ ધરાવતા એનજીઓના ૦૨ પ્રતિનિધિઓ | બિનસરકારી સભ્યો |

વિભાગના તા.૧૫/૦૨/૨૦૧૯ના ઠરાવની અન્ય જોગવાઇઓ યથાવત રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(પ્રમેશ ગામેતી)

સેકશન અધિકારી

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક.મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/સચિવશ્રી. (સર્વે વિભાગો)
- કમિશ્નરશ્રી, દિવ્યાંગ વ્યક્તિઓ માટેના કમિશ્નરશ્રીની કચેરી, વિંગ ડી-૧, બ્લોક નં.૨, કર્મયોગી ભવન, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણની કચેરી, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, બ્લોક નં.૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, સરકારી મુદ્રણ અને લેખનસામગ્રી, ગાંધીનગર
- નિયામકશ્રી, ગુજરાત સ્ટેટ મેન્ટલ હેલ્થ ઓથોરિટી, ગાંધીનગર
- નિયામકશ્રી, ગુજરાત રાજય કાનૂની સેવા સત્તા મંડળ, ગાંધીનગર
- સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ (મારફતે:- નિયામકશ્રી, સમાજ સુરક્ષા, બ્લોક નં. ૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર)
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ- વિભાગની વેબસાઇટ પર મુકવાની વિનંતી સહ.
- સિલેકટ ફાઇલ.